## ૧ જાન્યુઆરીથી તમને અસર કરતી આ ૧૦ બાબતોમાં ફેરફાર થવાનો છે....

આગામી ૧ જાન્યુઆરી, ૨૦૨ ૧થી વિવિધ સ્તર પર અનેક નિયમો અને વ્યવસ્થામાં ફેરફાર થવાનો છે, ચેક પમેન્ટ, એલપીજી સિલિન્ડરના ભાવ, જીએસટીથી લઈને યુપીઆઈ ટ્રાન્ઝકશન પેમેન્ટ સહિત ઘણાં ફેરફાર થવાના છે. આ નિયમો દરેક વ્યક્તિના જીવનને અસર કરતા હોવાથી તેના વિશે જાણવું જરૂરી છે.

**(૧) ચેક પેમેન્ટ:**

બેકિંગ ફોડ અટકાવવા માટે રિઝર્વ બિન્ડે ચેક પેમેન્ટ માટે પોઝિટિવ સિસ્ટમ રજૂ કરવાનો નિર્ણય ર્યો છે. તેમાં રૂા. ૫૦૦૦૦થી વધુની ચૂકવણી માટે કેટલીક વિગતો ફરીથી આપવી જરૂરી બનશે. આ પોઝિટિવ પે સિસ્ટમનો નિયમ ૧ જાન્યુઆરીથી લાગુ પડશે. એકાઉન્ટ હોલ્ડર તેમની પસંદગીની સિલિટી ઉપલબ્ધ કરાવી શકે છે બેન્કો રૂ.૫ લાખ અને તેનાથી વધુ રકમના ચેક માટે તે અનિવાર્ય બનાવવા વિચારી શકે છે.

**(૨) કોન્ટેકટલેસ કાર્ડ ટ્રાન્ઝકશન લિમીટ** contactless card* transactions limit*

આરબીઆઈએ કાર્ડ તથા યુપીઆઈથી નિયમિત રીતે થતા ટ્રાન્ઝશન માટે કોન્ટેક્ટલેસ કાર્ડ ટ્રાન્સેકશન અને ઈ-મંડસ માટેની રકમની મર્યાદા રૂા. ૨૦૦૦થી વધારીને ૫૦૦૦ કરી દીધી છે. ડિજિટિલ પેમેન્ટને પ્રોત્સાહન આપવા આ પગલું લેવાયું છે, તેનાથી સલામત અને સુરક્ષિત રીતે નાણાંની ચૂકવણી શક્ય બનશે. ગ્રાહકના મેન્ડેટ અને વિવેકશકિત પર તેના આધાર રહેશે.

**૩). કારના ભાવ:**

મારૂતિ સુઝુકી ઈન્ડિયા અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા સહિતની કાર કંપનીઓ ૧ જાન્યુઆરીથી તેમના વાહનોના ભાવમાં વધારો કરશે. સ્ટીલ સહિતના રો મટીરિયલ અને ઉત્પાદન ખર્ચમાં વધારો થયો હોવાથી કંપનીઓ ।વધારો કરી રહી છે.

**(૪) પસંદગીના ફોન પર વોટ્સએપ કામ કરતું બંધ થશે :**

જાણીતી મેસેજિંગ સર્વિસ વોટ્સએપ કેટલાક પ્લેટફોર્મ્સ પરથી ૧ જાન્યુઆરીથી સપોર્ટ પાછો ખેંચી રહી છે. વિોટસએપ પેજ પર તે કઈ ડિવાઈસીસનો ઉપયોગ કરીને સપોર્ટ પ્રોવાઈડ કરલે તેની વિગત આપી છે અને તેનો ઉપયોગ કરવાની ભલામણ કરી છે: એન્ડ્રોઈડ રનિંગ ઓએસ ૪.૭.૩ અને નવા, આઈફોન રનિંગ આઈઓએસ અને નવા અને પસંદગીન ફોન જે kaios 2.5.1 તથા નવી ઓપરેટિંગ સિસ્ટમથી ચાલે છે, તેમાં જિયોફોન અને જીયોફોનરનો પણ સમાવેશ છે.

**(૫) લેન્ડલાઈનથી મોબાઈલ ફોન કોલ :**

૧ જાન્યુઆરીથી તમે કોઈપણ લેન્ડલાઈન ફોન પરથી મોબાઈલ ફોન ડાયલ કરો તો તેની આગળ '0' લગાવવો પડશે એટલે કે ડાયલ કરવો પડશે, આ નવી સીસ્ટમ અસરકારક રીતે અમલી બનાવવા માટે ટેલિકોમ વિભાગે। તમામ કંપનીઓને જરૂરી ઈન્ફાસ્ટ્રક્ટર ઊભું કરવા કહ્યુ છે.આમ કરવાથી ટેલીકોમ સર્વિસીઝમાં ખાસ્સી એવી નંબરીંગ સ્પેસ ક્રિએટ થશે.

**(૬) તમામ ફોર વ્હીલર માટે fastag (ફાસ્ટેગ) :**

કેન્દ્રીય માર્ગ પરિવહન અને હાઈવે મંત્રાલયે ૧ જાન્યુઆરીથી તમામ ફોર વ્હીલ વાહનો માટે ફાસ્ટેગ (fastag) ફરજીયાત બનાવી દીધુ છે. ૧ ડિસેમ્બર, ૨૦૧૭ પહેલાં વેચાયેલા દ્વ અને ૧ ક્લાસ ફોર-વ્હીલ્સ માટે ફાસ્ટેગ ફરજિયાત બનાવી દેવાયું છે, તેના માટે સેન્ટ્રલ મોટર વડીલ્સ રૂલ્સ, ૧૯૮૯માં સુધારો કરવામાં આવ્યો છે. ૬ નવેમ્બર, ૨૦૨૦ના રોજ આ અંગે નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું હતું.

**(૭) UPL પમેન્ટ :**

૧ જાન્યુઆરીથી એમેઝોન પે, ગૂગલ ૫ અને ફોનપે પરથી ટ્રાન્ઝકશન કરતી વખતે યુઝરે વધારાના ચાર્જ ચૂકવવાના રહેશે, નેશનલ પેમેન્ટસ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા થર્ડ પાર્ટી એપ દ્વારા ચલાવાતી યુપીઆઈ પેમેન્ટ સવિસ (યુપીઆઈ પેમેન્ટ)પર વધારાના ચાર્જ લાગુ કરશે. થર્ડ પાર્ટી એપ પર ૩૦ ટકાની મર્યાદા લાગુ કરી છે. પેટીએમે પણ આ ચાર્જ ચૂકવવાનો રહેશે.

**(૮) ગૂગલ વેબ એપ :**

ગૂગલ પે યુઝર ટુ યુઝર પેટ્સ ફેસિલિટી તેની વેબ એપ પર ખતમ કરવા જઈ રહી છે અત્યાર સુધી ગ્રાહકો pay.google.com મોબાઈલ એપ પરથી પેમેન્ટ કરી શકતા હતા અને નાણાં મોકલી શકતા હતા. પરંતુ ગૂગલનાં નવા નોટીફીકેશન મુજબ વેબ એપ સાઈટ ૧ જાન્યુઆરીથી કામ કરતી બંધ થઈ જશે.

**(૯) LPG ના ભાવ:**

સરકારી કંપનીઓ દર મહિનાની ૧ તારીખે એલપીજી અર્થાત રાંધણ ગેસના ભાવની સમીક્ષા કરે છે. ગયા મહિને રૂ.૧૦૦નો તોતિંગ ભાવવધારો ર્યા પછી જાન્યુઆરીમાં શું થાય છે તે જોવાનું રહેશે.

**(૧૦) gst-રજિસ્ટર્ડ સ્મોલ બિઝનેસ:**

રૂા. ૫ કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતા ઉધોગોએ ૧ જાન્યુઆરીથી માત્ર ૪ જીએસટી સેલ્સ રિટર્ન (gstr-3b) ભરવાના રહેશે, અત્યાર સુધી તેમણે ૧૨ રિટર્ન ભરવા પડતા હતા. તેનાથી ૯૪ લાખ વેપાર કરદાતાઓને રાહત થશે જે કુલ કરદતાઓના ૯૨ ટકા થાય છે, નાના કરદાતાઓએ આઠ રિટર્ન (4gstr-3 અને 4 gstr-1 રિટર્ન) ભરવાના રહેશે.

## દત્ત જયંતિના પવિત્ર પ્રસંગે મા અંબાજીની મહાપૂજા અને દત્ત યજ્ઞમાં ત્રણ હજારથી વધુ શ્રધ્ધાળુઓ દર્શનનો લાભ લીધો



ગાંધીનગર, તા. ૨૯

પવિત્ર યાત્રાધામ ગિરનાર પર્વત પર બિરાજમાન મા અંબાજીની શક્તિપીઠ ખાતે માગશર સુદ પૂર્ણિમા ના દિવસે દત્ત જયંતિની ઉજવણીના પવિત્ર પ્રસંગે મા અંબાની મહાપૂજા તથા જીર્ણોધ્ધાર કરવામાં આવેલી નૂતન યજ્ઞશાળામાં દત્ત યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસદ સભ્ય રાજેશ ચુડાસમા, જૂનાગઢના મેયર ધીરુભાઈ ગોહેલ અને અન્ય મહાનુભાવોએ ઉપસ્થિત રહી દર્શનનો લાભ લીધો હતો.

આ અંગે વિગત આપતાં મહંત મોટા પીર બાવા પૂ.તનસુખગીરીજી મહારાજ અને મહંતશ્રી નાના પીર બાવા પૂ.ગણપતગીરીજી મહારાજ જણાવે છે કે આ પવિત્ર સ્થળે યોજાયેલા યજ્ઞ પ્રસંગે ત્રણ હજારથી વધુ શ્રધ્ધાળુઓ એ દર્શનનો લાભ લીધો હતો જેમાં કેટલાક શ્રધ્ધાળુઓ પગથિયાં મારફતે પણ દર્શન માટે પોહચયા હતાં. આ ધાર્મિક અનુષ્ઠાનનો પ્રસાદ માન.વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આશીર્વાદ સ્વરૂપે મોકલવામાં આવ્યો છે.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગ દ્વારા ગીતાજયંતીના ઉપલક્ષ્યમાં 'ગુહે હે ગીતા' વિષયમાં રાષ્ટ્રીય વેબિનાર યોજાયો




ગાંધીનગર, તા. ૨૯

ગીતાજયંતીના ઉપલક્ષ્યમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગ દ્વારા ''ગૃહે ગૃહે ગીતા'' વિષયમાં રાષ્ટ્રીય વેબિનારનું આયોજન કરવામાં આવ્યું. યુનિવર્સિટીના કુલપતિ શ્રી હર્ષદ પ્ર. શાહના અધ્યક્ષ સ્થાને યોજાયેલ આ વેબિનારમાં મુખ્ય વક્તા તરીકે પ્રો. ડૉ. મહાવીર અગ્રવાલ ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. મહાવીર અગ્રવાલ હરિદ્વારની પતંજલિ યુનિવર્સિટીના પ્રો. વાઈસ ચાન્સેલર તરીકે અત્યારે કાર્યરત છે. શ્રી અગ્રવાલે ગીતાને ઘરે ઘરે, જન-જને, હૃદયે-હૃદયે, સ્થાપિત કરવાની અને ગીતાને માત્ર વાંચવાની નહીં પરંતુ ગીતાને જીવવાની વાત કરી હતી. વધુમાં તેમણે જણાવ્યું હતું કે જ્ઞાન-કર્મ અને ભક્તિ એમ ત્રણેય રીતે ઈવર સમીપ જવાની આ વાત ઈશ્વર દ્વારા જ કહેવાઈ છે. તેમણે વિદ્યાર્થીઓના અભ્યાસક્રમમાં ગીતાના શ્લોકોને અને તેના દ્વારા ગીતાના મૂલ્યોને સમાવવાની પહેલ કરવાનું સુચવ્યું હતું.

અધ્યક્ષીય પ્રવચનમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ શ્રી હર્ષદ પ્ર. શાહે ગીતાને મેનેજમેન્ટ સાથે સંબંધ છે, તેમ જણાવતાં કહ્યું ગીતાનો ઉપદેશ ભલે રણ મેદાનમાં માત્ર અર્જુનને અપાયો પરંતુ અર્જુનના મનમાં ઉપસ્થિત થયેલા પ્રશ્નોનું સમાધાન માનવમાત્ર માટે દ્યોતક છે. આ વેબિનારમાં સંસ્કૃત વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા ગીતાના શ્લોકોનું પઠન કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમની સ્વાગત-પરિચય વિધિ વિભાગાધ્યક્ષ ડૉ. રાકેશ પટેલે કરી હતી. આભારવિધિનું કાર્ય ડૉ. ભૈરવી દીક્ષિત કર્યુ હતુ. તથા સમગ્ર વેબિનારનું સંચાલન ડૉ.જય ઓઝાએ કર્યુ હતુ.

## શ્રીમતી એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂળની બે વિદ્યાર્થીનીઓની રાષ્ટ્રીય બાલવિજ્ઞાન સ્પર્ધામાં રાજયકક્ષાએ પસંદગી

ગાંધીનગર, તા. ૨૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી મૂલાબેન ભરતભાઈ પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલની વિદ્યાર્થીનીઓએ નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ પ્રેરીત અને નિસર્ગ કોમ્યુનિટિ સાયન્સ સેન્ટર આયોજીત જિલ્લા કક્ષાના રાષ્ટ્રીય બાલવિજ્ઞાન સ્પર્ધામાં પ્રોજેકટની પસંદગી થઈ અને રાજયકક્ષા માટે પસંદગી પામ્યો છે. સ્પર્ધાનું ૧૫/૧૨/૨૦૨૦ નાં રોજ ઓનલાઈન આયોજન કરાયું હતું. શાળાની કુલ ૬ વિદ્યાર્થીનીઓએ પોતાના અલગ અલગ વિષય પર પોતાના પ્રોજેકટની રજૂઆત કરી હતી કુલ ૫ પ્રોજેકટની પસંદગીમાંથી શાળાની ૨ વિદ્યાર્થીનીઓ વિજેતા બની શાળાનું ગૌરવ વધાર્યુ હતું. શાળાના શિક્ષિકા શિલ્પાબેન ત્રિવેદીએ તેમને માર્ગદર્શન પૂરું પાડયું હતું અને શાળાના આચાર્યશ્રી નીરૂબેન પટેલે વિજેતા બહેનો તથા ભાગ લેનાર તમામ બહેનોને અભિનંદન પાઠવ્યા હતા.

# માહિતી ખાતાના સેવા નિવૃત્ત અધિકારી કર્મચારી મંડળની વાર્ષિક સાધારણ સભા સંપન્ન



ગાંધીનગર, તા. ૨૯

માહિતી ખાતા ના સેવાનિવૃત્ત તમામ વર્ગ ના અધિકારી કર્મચારી મંડળની વાર્ષિક સાધારણ સભા ગાંધીનગર ખાતે પંચાયત પરિષદ ભવન માં તા.૨૭,૧૨,૨૦૨૦ ના રોજ સંપન્ન થઈ હતી.

આ બેઠકમાં કોરોના અને ઠંડી ના માહોલ માં પણ પચાસ જેટલા સભ્યોની હાજરી વર્તાઈ હતી. ઉપસ્થિત સભ્યોએ ગત વર્ષમાં યોજાયેલ કાર્યો પ્રવાસ વગેરેના પોતાના અનુભવો વ્યક્ત કરી આયોજકોના વખાણ કર્યા હતા તેમજ ગત વર્ષ ના કાર્યો અને હિસાબોને સર્વાનુમતે બહાલી આપી હતી.


ગત વર્ષે યોજાયેલ પ્રવાસ અંગે સર્વ લક્ષ્મણસિંહ આર રાજપૂત, નરેશ ચૌધરી, હુમર, વસંત દવે વગેરે એ તેમના પ્રાસંગિક પ્રવચન માં ભરપેટ વખાણ કર્યા હતા.

આ બેઠક માં માસ્ક અને દો ગજ દુરી, સોશિયલ ડિસ્ટન્સ ની સંપૂર્ણ ચોકસાઈ રખાઈ હતી. આ બેઠકમાં ભોજન ની સ્પોનસર શિપ કિશોર ઈન્સ્ટિટયૂટ,ગાંધીનગર ના પ્રણેતા એલ આર રાજપૂત એ આપી હતી. વિનોદ રાઠોડે મંડળ ને યથાશક્તિ આર્થિક સહયોગ આપ્યો હતો તેમજ અમદાવાદ ટુડેના તંત્રી મોતીલાલ પરમાર એ હાજરી આપી હતી.

પસાર થયેલા વર્ષ દરમ્યાન મંડળના સભ્યો તેમજ તેમના પરિવારના સભ્યો પૈકી કોઈ પણનું અવસાન થયું હોય તેમને યાદ કરી, બે મિનિટ મૌન પાળી શોક પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો. એલ આર રાજપૂતે સૂચન કર્યુ હતું કે ગુજરાત ના અન્ય જિલ્લાઓના માહિતી ખાતાના સેવા નિવૃત્ત વ્યક્તિઓને જાણ કરી બોલાવાય તે ઈચ્છનીય છે. ગુજરાતના માહિતી ખાતા માંથી સેવા નિવૃત્ત વ્યક્તિઓ તેમના નામ જિલ્લો અને મો.નંબર ની માહિતી ૯૭૨૫૨૯૨૫૭૭ રાજપૂતને મોકલી આપે તો તેમને પણ કાર્યક્રમની જાણ કરવામાં આવશે.

સર્વ સૂર્યકાંત બારોટ, જે કે પટેલ, આર પી નાયક. એમ પી.કાકડીયા,બાબુલાલ પ્રજાપતિ, વરિષ્ઠ પત્રકાર રાઠોડ વગેરે એ ઉપસ્થિત રહી પોતાના વિચારો રજૂ કર્યા હતા તેમજ કોરોના કાળ જલ્દી ખતમ થાય તેવી પ્રાર્થના સાથે ઉપસ્થિત તમામનો, એમ પી કાકડિયા એ આભાર માની બેઠકનું સમાપન કર્યુ હતું.

# 'મશીન લર્નિંગ યુઝિંગ પાયથોન' ઓનલાઈન વર્કશોપ




ગાંધીનગર, તા. ૨૯

આવનાર સમય ની માંગ અને ટેકનોલોજિ ક્ષેત્રે ક્રાંતી લાવનાર એડવાંસ ટેકનિકલ વિષય પર શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજિ, ભાટ , ગાંધીનગર અને ગુજરાત કાઉન્સીલ ઓન સાયંન્સ એન્ડ ટેકનોલોજિ, ડી એસ ટી, ગોવેરમેંટ ઓફ ગુજરાત ના સાયુક્ત ઉપક્રમે ત્રણ દિવસ માટે વર્કશોપ અને ટ્રેનીંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૬ થી વધુ આઈ ટી કંપની ના સી ઈ ઓ, સીનિયર આઈ ટી એક્ષ્પેર્ટ અને મશીન લર્નિંગ પર સંશોધન કરનાર તજગનો દ્વારા મશીન લર્નિંગ અને પાયથોન વિષય પર વિવિધ સેસન લેવામાં આવનાર છે. આ વર્કશોપ માં કુલ ૧૫૨ વિધ્યાર્થી મિત્રો દ્વારા રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું જેમાં પ્રાધ્યાપક દ્વારા પણ ભાગ લેવામાં આવ્યો હતો.

વર્કશોપમાં પ્રથમ દિવસે આકાશ ટેકનો લેબ ના સી ઈ ઓ આકાશ પઢિયાર દ્વારા મશીન લર્નિંગ વિષય પર વિસ્તૃત માહીતી તેમજ ટ્રેનિંગ આપવામાં આવી હતી. જેમાં મશીન લર્નિંગ બેજીક, યુસ ઓફ ટેકનોલોજિ, ફેસ બૂક માં મશીન લર્નિંગ નો લાઈવ ડેમો સેસન, વિવિધ એલ્ગોરિધમ, મશીન લર્નિંગ ના આજ નાસમય માં ઉપયોગ, વોઈસ આસિસ્ટન્સ, ડાયનેમિક પ્રોસેસિંગ,ઈમેલ ફિલ્ટરિંગ, પ્રોડક્ટ રેકોમનડેસન, માર્કેટિંગ, પ્રોસેસ ઓટોમેશન, ફોડ ડિટેકસન, બ્લોક ચેન,રોબોટિકસ, સાઈબર સેક્યુરિટી પ્રકારના ક્ષેત્રે મશીન લર્નિંગ ખૂબ જ મહત્વનું પ્લૅટફૉર્મ પૂરું પાડી રહ્યું હોઈ, આ વિષય પર વિષતૃત માહીતી તેમજ ટ્રેનિંગ સેસન કરવામાં આવ્યું હતું.

વોર્કશોપના ઈનોગ્રેસન ફંકશન માં ડાયરેક્ટર ધર્મેશ વંડરા અને પ્રિન્સિપાલ ડો. હિતેશ વંડરા દ્વારા વિધ્યાર્થી મિત્રોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. વધુમાં સ્વામિનારાયણ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનૉલોજિ, ભાટ ગાંધીનગર, કોમ્પુટર ઈજનેરી વિભાગના વડા પ્રોફેસર વિજયકુમાર ગઢવી દ્વારા જણાવવામાં આવ્યું હતું કે ડિજિટલ ઈન્ડિયા, સ્માર્ટ સિટિ, સ્માર્ટ ઈ ગવર્નન્સ, ડેટા સિક્યોરિટી, સાઈબર ડીફેન્સ જેવી ટેકનૉલોજીના આપણા દેશને વિશ્વ ફલક પર લઈ જવા માટે મશીન લર્નિંગ અને પાયથોન વિષયની તાલીમ ખૂબ જ મહત્વની હોઈ સંસ્થા દ્વારા આ પ્રકારના વોર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

## દહેગામ તાલુકામાં ગીતા જયંતિએ ભગવદ્ગીતાનું વિતરણ



ગાંધીનગર, તા. ૨૯

ગીતા જયંતિએ શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા દહેગામ તાલુકના દેવકરણના મુવાડા પ્રાથમિક આરોગ્યના કર્મચારીઓને ભગવદ્ગીતાનું વિતરણ કરવામાં આવ્યું હતું. શંકરભાઈ સોલંકી દ્વારા તમામ કર્મચારીઓને ગીતા અર્પણ કરી હતી. મિલિન્દભાઈ સાથે હતા.

# જાયન્ટ્સ ગ્રુપ ઓફ ગાંધીનગર દ્વારા ગરમ ધાબળા વિતરણ





ગાંધીનગર, તા. ૨૯

જાયન્ટસ ગ્રુપ ઓફ ગાંધીનગર મેઈન દ્વારા ૨૭મી ડિસેમ્બરે વહેલી સવારે સાડા ત્રણ વાગ્યે ગાંધીનગરના જુદા જુદા જાહેર માર્ગની ફૂટપાથ કે ફૂટપાથની બાજુમાં આવેલા વૃક્ષો નીચે ખુલ્લા આકાશ નીચે, જમીન પર ગરીબ મજૂરો કે જે સખત ઠંડીમાં ઠુઠવાતા હતા. તેમને જા.વે.ફા.૩ સીના બ્રાન્ચ પ્રમુખ નટુભાઈ પટેલ, ગ્રુપ પ્રમુખ વિકેશ પટેલ, નવીન પટેલ, ગીરીશ પટેલ તથા જય પટેલ વિગેરે એ વહેલી સવારે સૂતેલા શ્રમજીવીઓને ગરમ ધાબળા ઓઢાળી સુંદર સાચા અર્થમાં જરૂરતમંદ ગરીબો માટે સવાકીય પ્રવૃત્તિ કરી હતી.

## જન્મદિને વધામણી



ખુશી ભરતકુમાર પ્રજાપતિ



પ્રત્યુષ તેજસકુમાર લેઉવા
મો. ૯૬૩૮૧ ૪૩૮૭૨



ધવલ તુષાર ધનેશ્વર
મો. ૯૪૨૬૪ ૫૯૨૬૬



હેમંત કે. પોપટ
સભ્ય, જલારામ સેવા સમાજ




રાજ અરવિંદ ખાંટ
મો. ૮૨૦૦૮ ૭૧૯૨૯



ચચંક પટેલ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક



માસ્ક પહેરો... સ્વસ્થ રહો...